તેમ છતાં, એટલા માટે કે મંડળીઓ બહુ જલ્દી એટલી સ્વધર્મત્યાગી બની ગઇ, કે ખાસ કરીને પ્રકટીકરણના પુસ્તકમાં, દેવ તેમના વિષે ત્રીજા ભાગ તરીકે ચર્ચા કરે છે જેનો દેવ દ્વારા નાશ કરી દેવાનો છે.

સૈદ્ધાંતિક રીતે દેવ લોકોને દેવના કોપ હેઠળ મૂકે છે જે સમયે તેઓ નિયમનો ભંગ કરે છે. દેવના નિયમનો ભંગ કરવો લોકોને દેહાતદંડ કરે છે. પણ તેમને પણ સજા કરાશે જેઓ બાઇબલ પ્રત્યે આજ્ઞાંકિત રહેવાનો દાવો કર્યો. તેઓ આજ્ઞાંકિત નહોતા એ તે હકીકત થકી સાબિત કરાયેલું હશે કે તેઓ તાણી જવાયા નહિ. તેઓ ત્રીજો ભાગ છે. આમ, જેઓ તાણી જવાયા નથી તેઓ પ્રકટીકરણ ૯:૧૭ અને ૧૮માં ચિત્રિત કરાયા છે, જ્યાં આપણે વાંચીએ છીએ :

**આવી રીતે દર્શનમાં મેં ઘોડાઓને તથા તેઓ પર બેઠેલાઓને જોયા; તેઓનાં બખતર અગ્નિ જેવાં રાતાં તથા જાંબુડા તથા ગંધકના રંગનાં હતાં. તે ઘોડાઓનાં માથાં સિંહોનાં માથાં જેવાં છે, અને તેઓનાં મોંમાંથી અગ્નિ, ધુમાડો તથા ગંધક નીકળે છે. એ ત્રણ અનર્થની, એટલે તેઓનાં મોંમાંથી નીકળતા અગ્નિથી, ધુમાડાથી તથા ગંધકથી માણસોના ત્રીજા ભાગને મારી નાખવામાં આવ્યો.**

જેઓ વિશ્વાસીઓ હોવાનો દાવો કરે છે પણ તાણી જવાના સમયે જેઓ પડતા મુકાયા છે તેમને એ હકીકતની રૂએ વધુ સજા કરાશે કે તેઓ દેવનો કોપ સહન કરી રહ્યા છે જ્યારે તે ન્યાયચુકાદાના દિવસે રેડવામાં આવી રહ્યો છે. આ જ છે જે નિમ્નલિખિત પરિચ્છેદોમાં દેવ શીખવી રહ્યો છે.

માથ્થી ૧૨:૪૧ અને ૪૨ : **ન્યાયકાળે નિનવેહનાં માણસ આ પેઢી સાથે ઊઠીને ઊભાં રહેશે, ને તેને અપરાધી ઠરાવશે; કેમ કે યૂનાનો ઉપદેશ સાંભળીને તેઓએ પસ્તાવો કર્યો, પણ જુઓ, યૂના કરતાં અહીં એક મોટો છે. દક્ષિણની રાણી આ પેઢીની સાથે ન્યાયકાળે ઊઠીને એને અપરાધી ઠરાવશે; કેમ કે પૃથ્વીને છેડેથી સુલેમાનનું જ્ઞાન સાંભળવાને તે આવી; પણ જુઓ, સુલેમાન કરતાં અહીં એક મોટો છે.**

લૂક ૨૨:૩૦ : **કે, તમે મારા રાજ્યમાં મારી મેજ પર ખાઓ તથા પીઓ; અને તમે ઈસ્રાએલનાં બારે કુળોનો ન્યાય ઠરાવતાં રાજ્યાસનો પર બેસશો.**

ઉપર જણાવેલું બધું દૃષ્ટિમાં છે જ્યારે ધર્મશાસ્ત્રીઓ હર-મગિદોનની લડાઇ વિષે ચર્ચા કરે છે. ન્યાયીઓનું સૈન્ય તાણી જવાયું હશે. મંડળીઓમાંના લોકો રડી અને પોતાના દાંત પીસી રહ્યા હશે (માથ્થી ૮:૧૧ અને ૧૨; ૧૩:૪૨, ૫૦; ૨૨:૧૩; ૨૪:૫૧; ૨૫:૩૦; લૂક ૧૩:૨૮), કારણ કે તેઓ પડતા મુકાયા છે.

**ઉદ્ધાર નહિ પામેલા કરોડો લોકો દેવના કોપથી માહિતગાર થયા વિના મૃત્યુ પામ્યા છે**

આપણા ભારે આર્ઝ્ચર્ય વચ્ચે, આપણે શીખીએ છીએ કે મોટા ભાગના ઉદ્ધાર નહિ પામેલા લોકો જેઓ મરણ પામ્યા છે, અથવા જેઓ ૨૧ મે, ૨૦૧૧ના રોજ પૂર્વે મરણ પામશે, કદાપી તેમના પરના

દેવના કોપને અનુભવી કે તેનાથી વાકેફ થઇ શકશે નહિ. આવું કઇ રીતે બને? આપણે શીખ્યા છીએ કે દેવનો કોપ બહુસ્તરીય છે. તેમાં નિમ્નલિખિત બાબતો સમાવિષ્ટ છે.

૧. મોટી લજ્જા.
૨. દેહાતદંડ (મરણ, નરક).

૩. આ જીવનના વિશિષ્ટ અધિકારો ગુમાવવા.

૪. નવા આકાશો તથા નવી પૃથ્વીના વારસા સાથે અનંતજીવનનો વારસો ગુમાવવો.

૫. અનંત નાશ, ફરી કદાપી અસ્તિત્વ પામવું નહિ.

જ્યારે આ સર્વ સજાઓ ઉદ્ધાર નહિ પામેલી વ્યક્તિ પર આવી પડે છે, સામાન્ય રીતે, વ્યક્તિ કોઇ પણ પ્રકારે માહિતગાર રહ્યા વિના મરણ પામે છે કે તેનું મરણ તેના જીવનમાંના પાપનું પરિણામ હતું. જો તે મંડળીનો સભ્ય છે, તો તે સંભવિતપણે પરંપરાગત દૃષ્ટિકોણમાં ભરોસો રાખે છે કે પાપીઓ નરકમાં જાય છે જ્યાં તેમને અનંતકાળ માટે પીડા આપવામાં આવે છે. પણ આ તેના માટે સમસ્યા નથી કારણ કે તેને ખાતરી છે કે તે એ મંડળીનો ફરી જન્મેલો, એકરાર કરનારો સભ્ય છે. હકીકતમાં, મોટા ભાગના મંડળીમાંના લોકોના જીવનમાં, અને વારં વાર મંડળીની બહાર લોકોના જીવનમાં, માન્યતા એવી છે કે બહુ સારી જગા પર જવા માટે મરણ એ અદ્‌ભુત પળ છે. આમ, મરણ પણ જીતના વખત તરીકે જોવાય છે, જોકે પ્રિયજનોથી તથા આ જીવનમાં વ્યક્તિએ જે સારી વસ્તુઓ માણી તેનાથી વિખુટા પડવાને લીધે તેમાં દુઃખનો પણ મિશ્રિત અંશ છે.

તેમ છતાં, ઉદ્ધાર નહિ પામેલી વ્યક્તિ જે મરણ પામી છે તે હવે અનંતકાળ માટે મૃત છે. તે કદાપી સભાન રીતે દેવના કોપનો અનુભવ નહિ કરે. સાચું છે, તાણી જવાના સમયે, તેના શરીરના અવશેષો જે કબરમાં મૂકાયા છે તે લજ્જાસ્પદ રીતે દેવ દ્વારા અને આકાશી પ્રેક્ષકો દ્વારા લજ્જિત કરવા માટે કબરની બહાર કાઢી નખાશે. પણ ઉદ્ધાર નહિ પામેલી મૃત વ્યક્તિને આની સભાન રીતે કોઇ જાણકારી નહિ હોય. સાચું છે, તેણે અનંત જીવન અને નવા આકાશો તથા નવી પૃથ્વીનો વારસો પામવાનું જ્યેષ્ઠપણું ગુમાવી દીધું છે, પણ તે તેનાથી જરા પણ માહિતગાર નથી.

વધુમાં, આ વ્યક્તિઓના જન્મારા દરમિયાન, અનેક વાર ભારે આનંદ અને પ્રસન્નતા રહેલી હોય છે. તેમણે એવી બાબતોનો અનુભવ કર્યો છે જેમ કે પરિવારનો પ્રેમ અને સુંદર જગતમાં રહેવાનું સુખ. આમ, જીવન અને મરણ સર્વ સારા છે, જોકે તેઓ કદાપી ઉદ્ધાર પામેલા બન્યા નહિ. તો પછી, આ વ્યક્તિઓ પર દેવનો કોપ ક્યાં આવી પડ્યો છે જેઓ કદાપી ઉદ્ધાર પામેલા બન્યા નહિ? કોઇક રીતે, તે એવું પ્રતીત થાય છે કે આપણે દેવની ન્યાયચુકાદાની પ્રક્રિયા સમજવામાં ભટકી ગયા છીએ.

પણ આપણે ભટકી ગયા નથી. તેના બદલે, આપણે શીખી રહ્યા છીએ કે આ જગતનું મહત્તમ ધ્યાનનું કેંદ્ર દેવની તારણ યોજના પર કે દેવની ન્યાયચુકાદાની યોજના પર નથી. તે દેવના જ્ઞાન અને મહિમા પર છે. સ્મૃતિમાં રાખો આપણે શીખ્યા કે માનવજાત સર્જવા અને તેને આ જગતમાં મૂકવા પાછળનો દેવનો હેતુ મોટું ત્રિ-પરિમાણીય ચિત્ર પુરું પાડવાનો હતો જેના થકી સ્વર્ગીય સ્થાનોમાંના સર્વ અધિપતિઓ અને અધિકારીઓ દેવનું પ્રચંડ જ્ઞાન અને મહિમા જોઇ શકે, જ્યારે દેવે પાપના ૧૩,૦૦૦ થી પણ વધુ વર્ષોમાં પોતાની તારણ યોજના વિગતવાર તૈયાર કરી.

એ માટે, દાખલા તરીકે, આપણને જણાય છે કે જ્યારે દેવ પાપીનો દ્વેષ કરે છે (ગીતશાસ્ત્ર ૫:૫), તેમાં તેનો દૈવી કોપ તેની પર છે, તેમ છતાં પાપીઓ સહિત, પોતાની સંપૂર્ણ સૃષ્ટિ પ્રત્યે તેને પ્રચંડ કરુણા અને વહાલ છે. માથ્થી ૫:૪૫માં આપણે વાંચીએ છીએ :

**એ માટે કે તમે આકાશમાંના તમારા બાપના દીકરા થાઓ; કારણ કે તે પોતાના સૂરજને ભૂંડા તથા ભલા પર ઉગાવે છે, ને ન્યાયી તથા અન્યાયી પર વરસાદ વરસાવે છે.**

મોટા આશીર્વાદો વિષે વિચાર કરો જે સુંદર સૂર્યપ્રકાશ અને હિતકારી વરસાદમાંથી વહેતા થાય છે જે પૃથ્વીને પાણી પુરું પાડે છે. જેઓ તારણ સારુ પસંદ કરેલાઓ નહોતા તેઓ આ આશીર્વાદોને એટલા જ માણી શકે જેટલા તેઓ જેઓ ઉદ્ધાર પામેલા છે.

સંપૂર્ણ માનવજાત પ્રત્યે ખ્રિસ્તની કરુણામય ચિંતા બાઇબલમાં બે જગાઓ પર પ્રદર્શિત કરાઇ છે જ્યાં આપણે વાંચીએ છીએ કે ઇસુ રડ્યો. યોહાન ૧૧:૩૩ થી ૩૫માં, આપણે આ ભાવનાત્મક વચનો વાંચીએ છીએ :

**ત્યારે તેને રડતી જોઇને, તથા જે યહૂદીઓ તેની સાથે આવ્યા હતા તેઓને પણ રડતા જોઇને, ઇસુએ મનમાં નિસાસો મૂક્યો, અને પોતે વ્યાકુળ થયો. તેણે પૂછ્યું કે, તમે તેને ક્યાં મૂક્યો છે? તેઓ તેને કહે છે કે, પ્રભુ, આવીને જો. ઇસુ રડ્યો.**

અનંત દેવ, પ્રભુ ઇસુ ખ્રિસ્ત, પોતાની તદનુભૂતિક માનસિક પીડા દર્શાવે છે કે મરણ આ જગતમાં પ્રવેશ્યું છે. લૂક ૧૯:૪૧ થી ૪૪માં આપણે વાંચીએ છીએ :

**તે પાસે આવ્યો ત્યારે શહેરને જોઇને તેણે તેને માટે રડીને કહ્યું કે, જો તેં, હા તેં, (તારી) શાંતિને લગતાં જે વાનાં છે તે આજે જાણ્યાં હોત તો કેવું સારું! પણ હમણાં તેઓ તારી આંખોથી ગુપ્ત રખાયેલાં છે. કેમ કે તારા ઉપર એવા દિવસો આવી પડશે કે જ્યારે તારા વૈરીઓ તારી સામા પાળ બાંધશે, તને ઘેરો ઘાલીને ચારે તરફથી તને સંકડાવશે, તેઓ તને તથા તારામાં વસતાં તારાં છોકરાંને જમીન પર પછાડી નાખશે; અને તેઓ તારામાં એક પથ્થર પર બીજો પથ્થર રહેવા દેશે નહિ; કેમ કે તારી કૃપાદૃષ્ટિનો સમય તેં જાણ્યો નહિ.**

યરૂશાલેમ જે બાઇબલની દૃષ્ટિમાં છે તેમાં અહીં સર્વ ઇસ્રાએલ અને સર્વ મંડળીઓ સમાવિષ્ટ છે, જેણે દેવના રાજ્યનું બાહ્ય પ્રતિનિધિત્વ કર્યું, અને સ્વધર્મત્યાગી બન્યું છે. આમ, તેમના સભ્યો નરક તરફ જઇ રહ્યા છે. તેમણે દેવનો ઉપહાસ કર્યો છે. તેમણે પોતાની અલગ તારણ યોજનાઓ ઘડી છે. તેમણે બાઇબલ આમળી છે વિગેરે. છતાં ખ્રિસ્ત રડી રહ્યો છે કારણ કે તેણે તેમની પર પોતાનો પૂર્ણ કોપ આણવો જ રહ્યો. શું આપણે જોઇ શકીએ કે ખ્રિસ્ત કેટલો મહિમાવંત છે, જ્યારે યરૂશાલેમ પર રડીને, તે આપણી અને આકાશી અધિપતિઓ તથા અધિકારીઓ સમક્ષ પોતાની કરુણા પ્રગટ કરે છે? કોઇ આશ્ચર્ય નથી જ્યારે દેવ કહે છે, જેમ આપણે હઝકિયેલ ૩૩:૧૧માં વાંચીએ છીએ, **'દુષ્ટ માણસના મોતથી મને કંઇ આનંદ થતો નથી.'**

સમગ્ર આકાશી વિસ્તારમાં અધિપતિઓ અને અધિકારીઓ આ સર્વના સાક્ષી થયા છે. તેઓ જગત જુએ છે જેની પર ૧૧,૦૦૦ વર્ષો સુધી શેતાન નામના દુષ્ટ દૂતે રાજ કર્યું છે. તેઓ જુએ છે કઇ રીતે થોડા, આઠ લોકો ઉદ્ધાર પામેલા બન્યા જ્યારે નૂહના સમયમાં દેવે માથે તોળાઇ રહેલ નાશ અંગે જગતને ચેતવણી આપી. તેઓ ઇબ્રાહિમની પ્રામાણિકતા, અને ઇસ્રાએલ પ્રજાની અપ્રામાણિકતા નિહાળે છે, જે અવિશ્વાસને લીધે અરણ્યમાં નાશ પામી. તેઓ ઇસ્રાએલીઓની દુષ્ટતાને લીધે આશ્શૂરીઓ દ્વારા તેમનો, અને કાસ્દીઓ દ્વારા યહૂદિયાની પ્રજાનો નાશ કરી દેવાના સાક્ષી બને છે.

કઇ રીતે ખ્રિસ્ત આત્મિક રીતે મૃત અબજો લોકોના જગતને સંભાળશે જેમની પર શેતાનનું રાજ છે?

કઇ રીતે ખ્રિસ્ત એ જગતને સંભાળશે જ્યાં પ્રત્યેક નાગરિક, પાપ અને શેતાનનો દાસ હોવાથી, આત્મિક રીતે મૃત હોવા તરીકે આરંભ કરે છે?

કઇ રીતે દેવ એક શાપિત સૃષ્ટિને સંભાળી શકે જેમાં શાપિત લોકો રહે છે, જેમાંના થોડાને દેવના લોક બનાવવા સારુ કાઢી લેવાના છે?

અંતિમ ધ્યાન અનંત મંડળી, ૨૦ કરોડ લોકો પર છે જેમના નામ હલવાનના જીવન પુસ્તકમાં છે. કઇ રીતે તેઓ તેમની વચ્ચે રહી શકે અને પછી શેતાન દ્વારા શાસિત અબજો દુષ્ટ લોકો મધ્યેથી કાઢી લઇ જઇ શકાય, જેની ખ્રિસ્તની સાથે દુશ્મની છે?

કઇ રીતે દેવ એવા જગતને સંભાળી શકે જેમાં મોટા ભાગે શેતાન દ્વારા શાસિત આત્મિક રીતે મૃત લોકો છે, પણ એ જ જગતમાં અલ્પ સંખ્યામાં એવા લોકો છે જેમના નામ ઉદ્ધાર પામવા સારુ લેવાયા છે અને છતાં ઉદ્ધાર પામ્યા નથી, અને કેટલાક ખરેખર ઉદ્ધાર પામેલા બન્યા છે?

આપણો ગ્રહ સૌથી મુશ્કેલ અને અગવડ ભરી પરિસ્થિતિમાં દેવનું જ્ઞાન અને મહિમા દર્શાવવા સારુ ઉત્પન્ન કરાયો. તેના મહિમાનું સંપૂર્ણ પ્રકટીકરણ તે હકીકતમાં જોવા મળ્યું કે દેવ પોતે તારનાર બન્યો.

આ સમગ્ર સમય દરમિયાન, અધિપતિઓ અને અધિકારીઓ દેવની હૃદયની લાગણી, દયાશીલતા, ક્ષમા, દયા, અને ધીરજના સાક્ષી બને છે. અને પછી તેઓ અવતાર લેવાના સાક્ષી બને છે. દેવે માનવીય સ્વરૂપ ધારણ કર્યું અને શબ્દના મૂળ અર્થ મુજબ તે જેમના ઉદ્ધાર માટે આવ્યો તે ૨૦ કરોડ લોકો વતી જગતના મંડાણ પૂર્વે તેણે કઇ રીતે દુઃખ ભોગવ્યું તેનું પ્રદર્શન કરવા સારુ વ્યક્તિગત રીતે આ જગતમાં આવ્યો.

તેમણે તેને વિનમ્ર શિક્ષક તરીકે જોયો જે સર્વશક્તિમાન દેવ હોવા તરીકે કદાપી મટ્યો નહિ. તેમણે તેને માણસો દ્વારા ઉપેક્ષિત અને નકારી દેવાયા તરીકે જોયો. તેમણે તેને સૌથી લજ્જાસ્પદ, શાપિત દેહાતદંડ ભોગવતા જોયો જ્યારે તે વધસ્તંભ પર લટક્યો.

તેમણે તેની અદ્‌ભુત દયા પણ જોઇ જ્યારે બાજુના વધસ્તંભ પરનો એક ચોર પોતાના મુખે પહેલા ઇસુની નિંદા કરે છે, અને પછી વિનંતી કરે છે, **'હે ઇસુ, તું તારા રાજ્યમાં આવે ત્યારે મને સંભારજે'** (લૂક ૨૩:૪૨). અને આ માણસના તિરસ્કારપાત્ર જીવનની છેક છેલ્લી હોરાએ ત્યાં જ, તેમણે તેને સંપૂર્ણ ક્ષમા અપાતો જોયો.

તેઓ ખ્રિસ્તના પુનરુત્થાનના મહિમાવંત ત્રિ-પરિમાણીય ચિત્ર, અને ત્યાર પછી પવિત્ર આત્મા રેડાયો તે વખતે લગભગ ૩૦૦૦ લોકોના તારણના સાક્ષી બન્યા. દેવ કેટલો મહિમાવંત છે, અને તેઓ તેની મહિમા નિહાળે છે જ્યારે તેઓ તેને આ સર્વ કરણીઓ કરતા જુએ છે.

અને માનવજાત, જે પૃથ્વી ગ્રહની રહેનારી છે તેમને પણ બાઇબલનું કાળજીપૂર્વક વાંચન કરીને ખ્રિસ્તનું જ્ઞાન અને મહિમાના સાક્ષી થવાનો વિશેષાધિકાર સાંપડ્યો હતો. પણ પછી જગત ન્યાયચુકાદાના આરંભની તારીખ, ૨૧ મે, ૨૦૧૧ પર આવશે. તે વખતે ૬.૫ અબજ લોકો જીવી રહ્યા હશે, અને તેઓ

ન્યાયચુકાદાના ૧૫૩ દિવસના સમયગાળામાં પ્રવેશ પામશે, અને વિના કોઇ પ્રશ્ને તેમને જણાશે કે તેઓ તેમના પાપોને લીધે દેવના કોપ હેઠળ છે. તેમાંના મોટા ભાગના સભાન રીતે દેવના કોપનો અનુભવ કરશે.

ત્યાં અચાનક આવું પરિવર્તન શા માટે? તેઓ એ જ પ્રકારના લોકો છે જેઓ ૧૩,૦૦૦ વર્ષો સુધી અહીં પૃથ્વી પર શાંતિપૂર્વક પોતાનું જીવન જીવી રહ્યા છે. પણ જો તેઓ ૨૧ મે, ૨૦૧૧ના રોજ જીવતાં છે, તો અચાનક, ભારે ધરતીકંપ થશે જે તેમાંના ઘણાને મારી નાખશે (પ્રકટીકરણ ૧૬:૧૮). સર્વત્ર મરણ હશે. સર્વત્ર ભારે પીડા અને વેદના હશે.

આ લોકોના માટેનો ભેદ આપણે લૂક ૧૨:૪૫ થી ૪૮માં જે વાંચીએ છીએ તેમાં વર્ણવવામાં આવ્યો છે :

**પણ જો તે દાસ પોતાના મનમાં કહેશે કે મારો ધણી આવતાં વાર લગાડે છે; અને દાસોને તથા દાસીઓને મારવા (માંડશે), અને ખાવાપીવા તથા છાકટો થવા માંડશે; તો જે દહાડે તે વાટ જોતો નથી, ને જે ઘડી તે જાણતો નથી, (તે ઘડીએ) તે દાસનો ધણી આવશે, ને તેને કાપી નાખીને, તેનો ભાગ અવિશ્વાસીઓની સાથે ઠરાવશે. જે દાસ પોતાના ધણીની ઇચ્છા જાણ્યા છતાં પોતે સિદ્ધ થયો નહિ હોય, અને તેની ઇચ્છા પ્રમાણે વર્ત્યો નહિ હોય, તે ઘણો માર ખાશે. પણ જેણે અજાણતાં ફટકા યોગ્ય કામ કર્યું હશે, તે થોડો જ માર ખાશે. જે કોઇને ઘણું અપાયેલું છે, તેની પાસેથી ઘણું માગવામાં આવશે; અને જેને ઘણું સોંપેલું છે, તેની પાસેથી વધારે માગવામાં આવશે.**

આપણે એવા સમયમાં જીવી રહ્યા છીએ જ્યારે દેવે આપણે અતિ ચોક્સાઇપૂર્વક અંતનો સમય આપી રાખ્યો છે. આ માહિતી જગતને આપવામાં આવી છે, અને તે વધુને વધુ જગતના લોકોની જાણમાં આવી રહી છે, જેથી ઉદ્ધાર નહિ પામેલા દયા માટે કાલાવાલા કરી શકે. આશાસ્પદ રીતે, યૂનાના સમયના નિનવેહના લોકો જેવા ઘણા બધા લોકો દેવની દયાનો અનુભવ કરશે.

સાચું છે, ભૂતકાળમાં એવા સમયો રહ્યા છે જ્યારે શિક્ષણ થકી રજુ કરાયું કે અમુક અને અમુક દિવસે, એ અંત હશે. અને કેમ નહિ, તે સઘળી તારીખો ખોટી રહેવા પામી છે. પણ આજે, ખ્રિસ્તના પુનરાગમન અને ન્યાયચુકાદાના દિવસના સમયની ચેતવણી પહેલા કરતાં બિલકુલ જુદી છે. ઉપરોક્ત વચનો બાઇબલની અંત-સમયની ચેતવણીઓ પર ધ્યાન આપવા અંગેની ભારે અગત્યતા દર્શાવે છે. દાખલા તરીકે, ચેતવણીમાં નિમ્નલિખિત સિદ્ધાંતો સમન્વિત કરાયા છે.

૧. સંપૂર્ણ બાઇબલ દેવનો નિયમ છે, અને મૂળ ભાષાઓમાં પ્રત્યેક વચન સીધે સીધું દેવના મોંમાંથી છે. આમ, મંડળી અને જગતે જાણવું જ રહ્યું કે બાઇબલ અગાઉ ક્યારેય સ્પષ્ટપણે સમજાઇ હોય એ કરતાં વધુ, અંતિમ અધિકાર છે. તેને સાંભળવી અને તેને આજ્ઞાંકિત રહેવું જ રહ્યું.

૨. બાઇબલમાંની સમય અંગેની માહિતી જે ૨૧ મે, ૨૦૧૧ અને ૨૧ ઓક્ટોબર, ૨૦૧૧ની તારીખો દર્શાવે છે, તે બાઇબલમાં ઘણા પુરાવાઓ ધરાવે છે, જે આ તારીખોની ચોક્સાઇની જામીનગીરી આપે છે. આ પ્રચંડ માહિતી છે જે જગતને અગાઉ ક્યારેય જાણમાં નહોતી, અને નિઃશક, તે સંપૂર્ણ જગતને અસર કરે છે.

૩. સમય અંગેની આ માહિતી સમગ્ર જગતમાં ઇન્ટરનેટ અને શોર્ટવેવ રેડિયો પર ઉપલબ્ધ છે. તે ઘણી ભાષાઓમાં કોઇને પણ નિઃશુલ્ક અને ટપાલ ખર્ચ સહિત ઉપલબ્ધ છે જે તે માટે લખે અથવા ફોન કરે છે. દરેકે તેનાથી માહિતગાર થવું જોઇએ.

૪. લાક્ષણિક રીતે, લોકો સમય અંગેની આ માહિતીનો ઉપહાસ અને મશ્કરી કરે છે, અને ઘણા લોકો પૂર્ણપણે નકારતા રહે છે.

૫. ૨૧ મે, ૨૦૧૧ના રોજ જેઓ તાણી જવાયા નથી, તેઓ તે દિવસે અથવા ૨૧ મે, ૨૦૧૧ની કોઇક પળે કે તે પૂર્વે મરશે, જે વખતે સંપૂર્ણ સૃષ્ટિ અગ્નિ વડે ભસ્મ કરી દેવાશે. જ્યારે મૃત્યુ થાય છે, ત્યારે દેવના કોપનું વધુ કોઇ ભાન રહેતું નથી.

તેમ છતાં, જ્યાં સુધી મૃત્યુ ન થાય, ત્યાં સુધી દેવના કોપનું બહુ ભાન રહેશે, જ્યારે જેઓ જીવી રહ્યા છે તેઓ અનર્થોની પીડા હેઠળ રહેવાનું ચાલુ રાખે છે, જે દેવના ન્યાયચુકાદાના દિવસ, ૨૧ મે, ૨૦૧૧ થી ૨૧ ઓક્ટોબર, ૨૦૧૧ સુધીના ૧૫૩ દિવસો દરમિયાન જગતને ઢાંકી દે છે. તેઓ અત્યંત ઉત્કટ રીતે નિમ્નલિખિત બાબતોનો અનુભવ કરશે.

૧. દેવના કોપ હેઠળ રહેવાની લજ્જા અને શાપ.

૨. જાણકારી કે આ જગતની ખુશી અને સુખ-સુવિધાઓ વિગેરે પૂરી થઇ ચુકી છે.

૩. જાણકારી કે તેઓ વધુ કોઇ વારસો ધરાવતા નથી. ફક્ત મૃત્યુ તેમની રાહ જોઇ રહ્યું છે, અને તે ૨૧ ઓક્ટોબર, ૨૦૧૧ સુધીમાં આવી જશે.

૪. પીડા અને શારીરિક વેદના જે તે વખતે જીવી રહેલા સર્વની અવસ્થા હશે.

૫. જાણકારી કે હવે દેવની દયા નહિ હોય.

આ સૃષ્ટિનો નાશ સ્વર્ગીય સ્થાનોમાંના અધિપતિઓ અને અધિકારીઓ દ્વારા પ્રત્યક્ષ જોવાય એવી અંતિમ ઐતિહાસિક ઘટના હશે. તે બધું દેવનો મહિમા અને જ્ઞાન દર્શાવે છે.

દેવના કોપનું આ પ્રદર્શન ખરેખર ભયાનક રીતે દુઃખદ છે. તે ખાસ કરીને ત્યારે દુઃખદ અને ભયાનક છે જ્યારે આપણે યાદ કરીએ છીએ કે તે બધું બસ થોડા જ મહિનાઓમાં થશે. અને મોડું થવાની કોઇ શક્યતા નથી. તે થશે.

પણ વિચારો દેવ કેટલો દયાળુ છે. રાતે ચોરની જેમ આવીને તે તાણી જવું અને ન્યાયચુકાદાનો દિવસ લાવી શકે, અને પછી પૃથ્વી પરના મોટા ભાગના લોકોને કોઇ પણ પ્રકારની કોઇ ચેતવણી નહિ અપાય. પણ દેવ પોતાની અદ્ભુત દયામાં આપણને સમગ્ર જગતના માથે તોળાઇ રહેલ વિનાશની ચેતવણી પામવાનો સમય આપી રહ્યો છે. દુઃખદ રીતે, તેમના માટે તે રાતે ચોરની જેમ આવશે જેઓ આ જગતનો અંત નથી ઇચ્છતા અને એટલા માટે વાતને નકારતા રહે છે.

વધુમાં, યૂનાના પુસ્તકમાં દેવ પ્રાચીન દુષ્ટ નગર નિનવેહનું ઉદાહરણ આપે છે. તેઓ વાસ્તવિક રીતે બાઇબલ વિષે કંઇ જાણતા નહોતા, અને ચેતવણી પ્રત્યે પ્રતિભાવ આપવા માટે તેમની પાસે ૪૦ કે તેના કરતાં પણ ઓછા દિવસો હતા. આપણે તેમાંથી બોધપાઠ લઇએ.

૧. તેમણે ગર્ભિતરીતે દેવ પર ભરોસો રાખ્યો. તેમણે દેવ સમક્ષ દલીલો કરી નહિ.

૨. તેમણે પ્રામાણિક રીતે સ્પષ્ટપણે સમજતા પોતાની પર દૃષ્ટિ કરી કે તેઓ પાપીઓ અને દેવના કોપને લાયક હતા.

૩. ટાટ અને રાખમાં બેસીને તેમણે જાહેરમાં પોતાની મોટી નમ્રતા દર્શાવી. આ સૌથી ગરીબ સેવક અને ઉચ્ચતમ તથા સૌથી આકર્ષક હોદ્દો ધરાવનાર, રાજા માટે પણ સાચું હતું.

૪. તેઓ પોતાના પાપોથી વિમુખ થયા અને તરત જ એવું જીવન જીવવાનો પ્રયત્ન કર્યો જે દેવને પ્રસન્ન કરનારું હતું.

૫. તેમણે દેવની સમક્ષ કોઇ માગણીઓ નહોતી મુકી, પણ તેમણે દેવની સમક્ષ આજીજી કરી કે કદાચ દેવ તેનો વિચાર બદલે અને તેમનો નાશ નહિ કરે.

આપણે નૂહના સમયના લોકોના પ્રતિભાવ પર ગંભીરપણે દૃષ્ટિ કરવી જોઇએ જ્યારે તેમને ચેતવણી અપાઇ કે નાશ થવા પર છે. તે વાંચવું ભય પમાડનારું છે કે જગતના અંત, આપણા સમયના નાશ પ્રત્યે લાક્ષણિક પ્રતિભાવ નૂહના સમયના લોકોના જેવો જ છે. માથ્થી ૨૪:૩૭ થી ૩૯માં આપણે વાંચીએ છીએ :

**અને જેમ નૂહના સમયમાં થયું, તેમ જ માણસના દીકરાનું આવવું પણ થશે. કેમ કે જેમ જળપ્રલયની અગાઉ નૂહ વહાણમાં ચઢી બેઠો ત્યાં સુધી તેઓ ખાતાપીતા, ને પરણતાપરણાવતા હતા; અને જળપ્રલય આવીને સહુને તાણી લઇ ગયો ત્યાં સુધી તેઓ ન સમજ્યા, તેમ જ માણસના દીકરાનું આવવું પણ થશે.**

એક વાત ચોક્કસ છે. માથે તોળાઇ રહેલા આ નાશના સમાચાર પ્રત્યે એકમાત્ર સુરક્ષિત અને યોગ્ય પ્રતિભાવ આ જગતમાં મારા લક્ષ્યો, મારી મહત્વાકાંક્ષાઓ, મારી યોજનાઓ, મારા ઉદ્દેશ્યો, મારી આશાઓમાં મોટું પરિવર્તન હોવું જોઇએ. અચાનક, મારે સ્પષ્ટપણે સમજવું રહ્યું કે એકમાત્ર અગત્યની વાત જેની પર મારે ધ્યાન કેંદ્રિત કરવું જોઇએ તે એ હકીકત કે થોડા મહિનાઓમાં, આ જગત તેના અંતે હશે. આ બાકીના થોડા મહિનાઓમાં, મારા જીવન અને મારા પરિવારના જીવન માટે શું અગત્યનું છે? તેને ચોક્કસપણે આ જગતમાં મારું જીવન વધુ સુખદાયક બનાવવાની સાથે કંઇ લાગતું વળગતું નથી.

હકીકતમાં, જો હું એક સાચો વિશ્વાસી છું, તો મારે જાણવું જ રહ્યું કે ચોકીદાર તરીકે મારે ભારે નિસબત રાખવી રહી કે કેવળ મારા પરિવારે જ નહિ પણ સંપૂર્ણ જગતે માથે તોળાઇ રહેલ જગતના નાશના ભયંકર સમાચાર મેળવવા જ રહ્યા.

બીજા શબ્દોમાં, જો અંતની નિકટતાની હકીકતો મારા તાત્કાલિક આચરણ અને મારા લક્ષ્યોમાં મોટું પરિવર્તન લાવવા માટે કારણભૂત નથી નિવડતી, તો મારે પ્રામાણિકપણે પ્રશ્નનો ઉત્તર આપવો જોઇતો હતો : શું હું ખરેખર બાઇબલ આધારિત સત્ય પર ભરોસો રાખું છું કે ૨૧ મે, ૨૦૧૧ તાણી જવાની તથા ન્યાયચુકાદાના દિવસના આરંભની તારીખ છે? લૂક ૧૨:૪૭ની ચેતવણી યાદ રાખો.

દેવ ગઇ કાલે, આજે તથા સદાકાળ એવો ને એવો જ છે (હિબ્રૂઓને પત્ર ૧૩:૮).

નિનવેહના લોકો આપણને માર્ગ બતાવે છે, અને હવે આપણે તે માર્ગનું અનુસરણ કરવું જોઇએ જે આપણે વિના કોઇ પ્રશ્ને જાણીએ છીએ કે ન્યાયચુકાદાનો દિવસ બહુ નિકટ છે. દેવે અત્યંત ખાતરી સાથે દર્શાવ્યું છે કે આજે, કોઇથી ગણી શકાય નહિ એવી એક મોટી સભાનો ઉદ્ધાર કરાઇ રહ્યો છે (પ્રકટીકરણ ૭:૯ થી ૧૪). દેવ ભાર મૂકે છે કે તે પક્ષપાતી નથી (રોમનોને પત્ર ૨:૧૧). આમ, તમારા માટે મોટી આશા રહેલી છે. દેવના પસંદ કરેલાઓમાંના એક હોવાની તમારા માટે જગતમાંના બીજા કોઇ જેટલી જ ભારે આશા રહેલી છે.

બાઇબલનું વાંચન અને પ્રાર્થના કરવાનું શરૂ કરો કે દેવ કદાચ તમને તેના પ્રત્યે વધુને વધુ આજ્ઞાંકિત રહેવા માટે મદદરૂપ નિવડે. તમને વિનમ્ર કરવા દેવ સમક્ષ કાલાવાલા કરો. કેવળ એટલા માટે કે તમે એક પાદરી છો અથવા વર્ષોથી એક મંડળીના પ્રામાણિક સભ્ય રહ્યા છો, તે તમને ઉદ્ધાર પામેલ બનવા માટેની સાનુકૂળ સ્થિતિમાં મૂકી દેતું નથી. કોઇ સાનુકૂળ સ્થિતિઓ નથી. અને તમારી મંડળી અથવા તમારા પાદરી અથવા તમારી માન્યતાઓ કદાચ તમારો દેવ રહ્યો હોય કારણ કે દેવ આપણે જે કોઇ વસ્તુમાં આપણો ભરોસો મૂક્યો તે છે. આપણો વિશ્વાસ એકમાત્ર બાઇબલમાં હોવો જોઇએ. ભલેને બાઇબલમાં ઘણું બધું છે જે આપણે સમજતા નથી, તો પણ આપણે સમજવું જ રહ્યું કે તે સઘળું દેવના મોંમાંથી છે.

દેવ સમક્ષ તેની દયા માટે આજીજી કરવાનું કદાપી બંધ ન કરો. પણ એવું એ યાદ રાખતા કરો કે આપણાંમાંથી કોઇ પણ દેવની દયાને યોગ્ય નથી. એટલા માટે, આપણે તેની સમક્ષ આજીજી કરતાં, ભીખ માંગતા, કાલાવાલા કરતાં જઇએ છીએ, 'ઓ, પ્રભુ, શું તે શક્ય છે કે કદાચ હું પણ ઉદ્ધાર પામેલો બનું?'

## પ્રકરણ ૭.

## તારણ

પાપીઓ કોણ અથવા ક્યાં છે જેમને નરકમાં ન મોકલી શકાય? કોઇ જાણતું નથી. આપણે દેવના પસંદ કરેલા લોકોમાંના એક છીએ તે આપણે કેવળ એ સમયે ખરેખર જાણી શકીએ જ્યારે આપણને દેવ તરફથી નવી સજીવન પામેલી આત્મા મળે. જ્યારે તે બને છે, ત્યારે આપણે જાણીશું કે તે કેવળ એટલા માટે બન્યું કે ઉદ્ધાર પામેલા બનવા સારુ દેવે આપણી પસંદગી કરી રાખી હતી, અને તેણે આપણા તારણની સંપૂર્ણ તજવીજ કરી રાખી હતી. આપણે જાણીશું કે તારણ સંપૂર્ણપણે દેવની કૃપા અને દયા છે, અને એ કે આપણા ઉદ્ધાર પામેલા બનવાની સાથે આપણને કંઇ લાગતું વળગતું નહોતું.

જ્યારે દેવ એક વ્યક્તિને નવું અંતઃકરણ અને નવી આત્મા આપે છે (હઝકિયેલ ૩૬:૨૬), ત્યારે દેવ તે વ્યક્તિને અંનતકાળ માટે તેની સાથે રહેવા સારુ તૈયાર કરી રહ્યો છે. નવું હૃદય, કે નવી આત્મા, જેને આપણે નવી સજીવન પામેલી આત્મા પણ કહીએ છીએ, આપણું જીવન રૂપાંતરિત કરી દે છે જેથી આપણે દેવની ઇચ્છા મુજબ કરવા માટે તીવ્ર અને સતત અભિલાષા ધરાવીએ. વધુમાં, આપણે ત્યારે ભારે મુશ્કેલીમાં છીએ જ્યારે આપણે પાપ કરીએ, પણ પાપ કરવું હજી શક્ય છે કારણ કે આપણે એક ઉદ્ધાર નહિ પામેલ શરીરમાં જીવી રહ્યા છીએ. એ માટે, આપણે નવા આકાશો તથા નવી પૃથ્વીના અનંત નાગરિકો બનીએ તે પૂર્વે, આપણને નવું આત્મિક, પુનરુત્થાન પામેલું શરીર પણ અપાશે. દેવ પસંદ કરેલી વ્યક્તિના જીવનમાં કોઇ પણ સમયે, કોઇને પણ નવી આત્મા આપી શકે જેની દેવે પસંદગી કરી હતી. તે જન્મ પહેલાં કે મરણની એક મિનિટ પહેલાં હોઇ શકે. તે પગલું સંપૂર્ણપણે દેવ દ્વારા આયોજનબદ્ધ લેવાયેલું છે.

તેમ છતાં, તે ત્યારે થશે જ્યારે તે વ્યક્તિ દેવનું વચન સાંભળવાને આધીન છે (રોમનોને પત્ર ૧૦:૧૭). એટલા માટે જ અમે જગતમાં બધાને બાઇબલ સાંભળવા પ્રોત્સાહિત કરીએ છીએ. હકીકતમાં, અમને દેવ દ્વારા સંપૂર્ણ જગતમાં દેવનું વચન મોકલવાની આજ્ઞા આપવામાં આવી છે, જેથી દરેકે દરેક કદાચ બાઇબલ સાંભળવાને આધીન રહે.

લોકોને દેવનું વચન સાંભળવાને આધીન મુકવા તેમને બાઇબલ પ્રત્યે આજ્ઞાંકિત રહેવાની દેવ દ્વારા માનવજાતને અપાયેલી આજ્ઞાને આધીન મુકવા છે. બાઇબલ પ્રત્યે આજ્ઞાંકિત રહેવા માટે જરૂરી છે કે આપણે બાઇબલ વાંચીએ કે સાંભળીએ. આપણને ઉદ્ધાર પામેલા બનવાની આજ્ઞા અપાઇ છે. આપણને પોતાના પાપો સારુ પસ્તાવો કરવાની આજ્ઞા અપાઇ છે. આપણને દેવની દયા માટે આજીજી કરવાની આજ્ઞા અપાઇ છે. ઉદ્ધાર નહિ પામેલી વ્યક્તિને દેવના રાજ્યમાં પેસવા માટે પ્રયત્ન કરવાની આજ્ઞા અપાઇ છે (લૂક ૧૩:૨૪). 'પ્રયત્ન' શબ્દ ગ્રીક શબ્દમાંથી લેવાયો છે જેનો અર્થ મરણિયા પ્રયાસ કરવું થાય છે. તે જાણે દોડનાર જેવું છે જે દોડનો વિજેતા થવા સારુ મરણિયો પ્રયાસ કે પ્રયત્ન કરે છે.

આ તે છે જેમાં તારણનું રહસ્ય રહેલું છે. દેવે માણસને પોતાના સ્વરૂપ અને પ્રતિમા પ્રમાણે ઉત્પન્ન કર્યો હોવાના કારણે, ભલેને માણસ આત્મિક રીતે મૂએલો છે, તેણે તેના પૂર્ણ સામર્થ્યથી દેવની આજ્ઞાઓનું અનુસરણ કરવાનો પ્રયત્ન કરવો. એટલા માટે તે દેવની આજ્ઞાઓ પ્રત્યે આજ્ઞાંકિત રહેવાનો પ્રયત્ન કરતાં, કાળજીપૂર્વક દેવનું વચન સાંભળે છે. આ પ્રયત્ન સાથે દેવ કઇ રીતે સંબંધ જોડે તે એક રહસ્ય છે. ચોક્કસ જ, આપણે કદાપી ભરોસો રાખવો નહિ દેવના રાજ્યમાં પ્રવેશ કરવાનો પ્રયત્ન કરવો કોઇ પણ રીતે રહસ્યમય છે. નહિ કે મારો પ્રયત્ન કોઇ પણ રીતે ખાતરી આપે છે કે હું ઉદ્ધાર પામેલો બનીશ.

તે સાચું છે કે મારા પ્રયત્નમાં, હું દેવના નિયમ પુસ્તક, બાઇબલથી સારી પેઠે માહિતગાર બનીશ. તે સાચું છે કે મારા પ્રયત્નમાં, મારી ઇચ્છા કરતાં હું વધુને વધુ દેવની ઇચ્છા મુજબ કરીશ. તે સાચું છે કે મારા પ્રયત્નમાં, હું વિનમ્ર રીતે દેવ સમક્ષ તેની દયા માટે આજીજી કરતો જણાઇશ. તે સાચું છે કે મારા પ્રયત્નમાં, મને વધુને વધુ સ્પષ્ટપણે સમજાશે કે મારે સંપૂર્ણપણે દેવની રાહ જોવી રહી, જો મારો ઉદ્ધાર કરવાની તે ખરેખર તેની યોજના છે. તે સાચું છે કે મારા પ્રયત્નમાં, મને ખુબ આશા છે કે સંભવિતપણે હું પણ દેવના પસંદ કરેલાઓમાંનો એક હોઇ શકું. તે સાચું છે કે કોઇથી ગણી શકાય નહિ એવી મોટી સભાનો દેવ દ્વારા ઉદ્ધાર કરાઇ રહ્યો છે, અને સંભવિતપણે મારો પણ તે સંખ્યામાં સમાવેશ થાય.

એ પણ સાચું છે કે દેવ ઉદ્ધાર નહિ પામેલાઓ ઉપરાંત ઉદ્ધાર પામેલાઓ ઉપર પણ રાજ કરે છે. એટલે કે, વખતો વખત દેવ ઉદ્ધાર નહિ પામેલા પાસેથી પોતાની ઇચ્છા પ્રમાણે કરાવી શકે, ભલેને તે વ્યક્તિનો ઉદ્ધાર કરવાની દેવની યોજના નથી. એ જ પ્રમાણે, જ્યારે ઉદ્ધાર નહિ પામેલી વ્યક્તિ દેવના રાજ્યમાં પ્રવેશ કરવાનો પ્રયત્ન કરી રહી છે, ત્યારે જે કંઇ તે કરે છે જે દેવ પ્રત્યે આજ્ઞાંકિત રહેવું છે, તો કદાચ દેવ તેનામાં કાર્ય કરી રહ્યો હોય, ભલેને તે દેવના પસંદ કરેલાઓમાંની એક નથી. અથવા તે એમ હોઇ શકે કે દેવ પ્રત્યે આજ્ઞાંકિત રહેવાનો વ્યક્તિનો પોતાનો પ્રયત્ન સંપૂર્ણપણે તેનો પોતાનો પ્રયાસ હોય. અથવા તે દેવની કરણી અને માણસની કરણી બન્નેનું જોડાણ હોઇ શકે. વ્યક્તિના જીવનમાં શું ચાલી રહ્યું છે તે ચોક્કસપણે કેવળ દેવ જ જાણે છે.

પણ ઉપરનું સઘળું દેવનું કાર્ય છે. ઉદ્ધાર નહિ પામેલી વ્યક્તિએ નક્કી કરવાનું નથી કે જે તેના જીવનમાં બની રહ્યું છે તે દેવના પગલાંથી છે કે પછી તેના પોતાના પગલાંથી છે. જે કંઇ તે ખાતરીપૂર્વક જાણે છે તે એ કે જો તે ઉદ્ધાર પામેલ બને, તો તે સંપૂર્ણપણે ખ્રિસ્તની કરણી થકી હશે. યોએલ ૨:૧૨ અને ૧૩માં આપણે વાંચીએ છીએ :

**તોપણ, યહોવા કહે છે કે, અત્યારે તમે તમારા ખરા અંતઃકરણથી, તથા ઉપવાસ, રુદન, અને વિલાપસહિત મારી પાસે પાછા આવો; તમારાં વસ્ત્રો નહિ પણ તમારાં હૃદયો ફાડો, ને તમારા દેવ યહોવા પાસે પાછા આવો; કેમ કે તે કૃપાળુ તથા પૂર્ણ કરુણાળુ, કોપ કરવામાં ધીમો તથા દયાનો સાગર છે, ને વિપત્તિને માટે તેને પશ્ચાતાપ થાય છે.**

જો એક ઉદ્ધાર નહિ પામેલી વ્યક્તિ પામે છે કે, તે પાપને વધુને વધુ ધિક્કારે છે અને જ્યારે તે દેવની ઇચ્છા મુજબ કરી રહી છે ત્યારે બહુ પ્રસન્ન છે, અને એ કે બાઇબલની સર્વ આજ્ઞાઓ પ્રત્યે આજ્ઞાંકિત રહેવાની તે તીવ્ર, સતત અભિલાષા ધરાવે છે, તો તે કદાચ એમ છે કે દેવની આત્મા તેની આત્માની સાક્ષી થઇ રહી છે કે તે ઉદ્ધાર પામેલી બની છે.

આપણે યાદ રાખવું જ રહ્યું કે માનવજાતને દેવના નિયમો પ્રત્યે આજ્ઞાંકિત રહેવાની આજ્ઞા આપવાનો તેને કાયદેસરનો અધિકાર છે. એટલા માટે કે માનવજાત દેવના સ્વરૂપ અને પ્રતિમા પ્રમાણે સર્જાઇ, દેવની જેમ, માનવજાત સંપૂર્ણપણે દેવનો નિયમ, બાઇબલને આધીન છે. જો એક વ્યક્તિ આ જગતમાં રહે છે અને બાઇબલમાંથી કંઇ સાંભળ્યું નથી, તો જો વ્યક્તિ દેવના પસંદ કરેલાઓમાંની એક છે તો દેવે તે વ્યક્તિ બાઇબલ સાંભળવાને આધીન આવે તેની વ્યવસ્થા કરવી રહી. તેવું તે વ્યક્તિના જન્મારા દરમિયાન ગમે ત્યારે થઇ શકે.

તેમ છતાં, જેઓ બાઇબલ વાંચે છે, અથવા જેઓ પોતાના શારીરિક કાનો વડે દેવની આજ્ઞાઓ સાંભળે છે, પણ બાઇબલ સાંભળી રહ્યા નથી તેમની સાથે બાઇબલ અત્યંત નિસબત રાખે છે. તેવું કઇ રીતે બને? પુનર્નિયમ ૨૮:૪૫માં આપણે વાંચીએ છીએ :

**અને તારો નાશ થતાં લગી આ સર્વ શાપ તારા પર આવશે, ને તારી પાછળ લાગીને તને પકડી પાડશે; કેમ કે તેં યહોવા તારા દેવની વાણી સાંભળી નહિ, ને તેની જે આજ્ઞાઓ તથા વિધિઓ તેણે તેને ફરમાવ્યાં તે તેં પાળ્યાં નહિ;**

અને યર્મિયા ૨૯:૧૭ થી ૧૯માં, આપણે વાંચીએ છીએ :

**સૈન્યોનો (દેવ) યહોવા કહે છે કે, જુઓ, હું તેઓ પર તરવાર, દુકાળ તથા મરકી મોકલીશ, ને હું તેઓને ખવાય નહિ એટલે સુધી બગડી ગયેલાં તથા નઠારાં અંજીરોના જેવા કરી નાખીશ. તરવાર, દુકાળ તથા મરકીથી હું તેઓની પૂઠે પડીશ, ને પૃથ્વીનાં સર્વ રાજ્યોમાં હું તેઓને અહીંતહીં વિખેરી નાખીશ કે, જે દેશોમાં મેં તેઓને હાંકી કાઢ્યા છે તે સર્વમાં તેઓ શાપ, વિસ્મય, ફિટકાર તથા નિંદારૂપ થાય; કેમ કે મેં પ્રાતઃકાળે ઊઠીને મારા સેવકો, એટલે મારા પ્રબોધકો મારફતે, જે મારાં વચનો મોકલ્યાં છે તે તેઓએ સાંભળ્યાં નથી, એવું યહોવા કહે છે; પણ તમે સાંભળ્યું નહિ, એવું યહોવા કહે છે.**

આ બે ચેતવણીઓમાં ‘સાંભળવું’ શબ્દનો, જેઓ બાઇબલમાં નોંધાયેલી એ જ પ્રકારની ચેતવણીઓ જેવી વિશિષ્ટ છે, અર્થ સાંભળવું અને આજ્ઞાંકિત રહેવું છે. દેવ શીખવી રહ્યો છે કે જો આપણે આપણા શારીરિક કાનો વડે બાઇબલના વચનો સાંભળીએ, પણ તેના પ્રત્યે આજ્ઞાંકિત રહેવાનો પ્રયત્ન ન કરીએ જે આપણે સાંભળી રહ્યા છીએ, તો તે દેવનું વચન નહિ સાંભળવા બરાબર છે. એવા લોકોએ જાણીજોઇને પોતાને એવા વાતાવરણની બહાર મૂકી દીધાં છે જેમાં દેવ ઉદ્ધાર કરી રહ્યો છે. તારણ સંબંધિત તેમના પૂર્વધારિત વિચારો અથવા બાઇબલનું બીજું કોઇ પણ શિક્ષણ તેમને બાઇબલની આજ્ઞાઓ અને સત્યો સાંભળવા, અને આજ્ઞાંકિત રહેવાની ઇચ્છા રાખવાથી અટકાવે છે.

તેમ છતાં, તેમના માટે આશા, અદ્‌ભુત આશા રહેલી છે જેઓ હવે વિનમ્ર રીતે પોતાના પાપોનો એકરાર કરે છે અને જેઓ પોતાના પૂર્વધારિત વિચારોથી વિમુખ થાય છે, જેઓ સંપૂર્ણ બાઇબલ પ્રત્યે આજ્ઞાંકિત રહેવાનો પ્રયત્ન કરે છે, અને જેઓ દેવ સમક્ષ વિનમ્ર રીતે તેની દયા માટે આજીજી કરે છે.

તે સાચું છે કે બાઇબલ શીખવે છે કે દેવનો કોપ હમણા મંડળીઓમાંના સર્વ પર છે જેઓ સમગ્ર જગતમાં મળી આવે છે. ૧,૯૫૫ વર્ષો સુધી, મંડળીઓ દેવના રાજ્યનું દેવનું અધિકૃત બાહ્ય પ્રતિનિધિત્વ કરનારી રહી હતી. દુઃખદ રીતે, દેવના નામે, અને બાઇબલ તેમનો અધિકાર છે એવો દાવો કરતી વખતે, તેમણે ઘણા ધાર્મિક મતો શીખવ્યાં, અને શીખવવાનું ચાલુ રાખે છે જે બાઇબલની વિરુદ્ધના છે. વધુમાં, ખ્રિસ્તના બદલે શેતાન હવે તેમનો આત્મિક શાસક છે. આજે, કોઇ પણ મંડળીઓ માટે કોઇ આશા નથી જે સમગ્ર જગતમાં અસ્તિત્વ ધરાવે છે. જેઓ તેમની ભીતર રહે છે તેમને ન્યાયચુકાદાના દિવસમાં તેમના પ્રવેશ સારુ તૈયાર કરાવામાં આવી રહ્યા છે.

આત્મિક રીતે શેતાનની સેવા કરવાની શરતથી વિમુખ થઇ, અને સ્થાનિક મંડળીઓમાંથી બહાર નીકળીને, અને આત્મિક રીતે રાંક મન સાથે બાઇબલના દેવ સમક્ષ જઇને, અને દેવનું વચન સાંભળવાને આધીન રહેવા થકી જ કોઇના પણ માટે આશા રહેલી છે.

**દેવ દયા દાખવે એવી અભ્યર્થના!**

# દેવનો મહિમા થાઓ!
## ધર્મશાસ્ત્ર અનુક્રમણિકા


પુસ્તક
પ્રકરણ : વચન, પૃષ્ઠ

**ઉત્પત્તિ**
૨:૧૭, 43
૧૫:૧૮, 68
૨૫:૨૯-૩૪, 32
૪૧:૩૨, 28, 69
૫૦:૧૫, 66
૫૦:૨૦, 66

**નિર્ગમન**
૧૭:૬, 37, 67

**ગણના**
૨૦:૧૧, 37, 67

**પુનર્નિયમ**
૧:૭, 68
૧૧:૨૪, 68
૨૧:૧૭, 68
૨૮:૧૬-૬૮ 46
૨૮:૨૦, 39
૨૮:૪૫, 39, 80
૩૩:૧૧, 62

**યહોશુઆ**
૧:૪, 68
૭:૧૮-૨૬, 53

**ન્યાયાધીશો**
૨:૧૬, 21

**શમુએલ ૧**
૮:૨૦, 21

**શમુએલ ૨**
૧:૧૯, 13
૧:૨૪, 13
૨:૫, 13
૧૮:૩૩, 14

પુસ્તક
પ્રકરણ : વચન, પૃષ્ઠ

**અયૂબ**
૪:૨૦, 30

**ગીતશાસ્ત્ર**
૫:૫, 71
૭:૮, 22
૭:૧૧, 22
૯:૧૯, 22
૧૬:૧૦, 41, 61, 67
૨૬:૧, 22
૫૧:૫, 10
૬૭:૪, 22
૭૨:૧-૪, 22
૧૦૩:૬, 22
૧૧૯:૧૦૬, 16

**સભાશિક્ષક**
૮:૫-૬, 7, 12, 16
૮:૫-૭, v

**યશાયા**
૧૦:૨૩, 29
૧૪:૧૩-૧૪, 65, 66
૪૦:૨, 38
૫૩:૧૨, 40
૫૪:૭-૮, 42
૫૫:૭-૮, 42
૫૭:૨૦, 26

**યર્મિયા**
૭:૩૩-૮:૨, 51
૧૭:૧૮, 28
૨૯:૧૭-૧૯, 80
૪૬:૨૮, 30

**હઝકિયેલ**
૩:૧૭, 3
૧૮:૨૦, 27
૧૮:૨૩, 9
૧૮:૩૨, 9

પુસ્તક
પ્રકરણ : વચન, પૃષ્ઠ

૩૩:૨-૭, 17-18
૩૩, 3
૩૩:૧૧, 14, 72
૩૬:૨૬, 78
૩૭, 50
૩૭:૪-૫, 50
૩૭:૧૨-૧૩, 50

**દાનિયેલ**
૬:૨૬, 64
૭:૧૩-૧૪, 61
૧૨:૨, 50, 51
૧૨:૪, 16
૧૨:૯, 7

**યોએલ**
૨:૧૨-૧૩, 79
૩:૯-૧૬, 54

**યૂના**
૪:૧૧, 69

**નાહૂમ**
૧:૬, 29
૧:૮, 29
૩:૫-૬, 52

**ઝખાર્યા**
૧૩:૯, 69

**માલાખી**
૪:૧, 69

**માથ્થી**
૩:૧૭, 36
૪:૨૪, 30
૫:૪૪, 13
૫:૪૫, 72
૭:૨૨-૨૩, 54
૮:૬, 30

**પુસ્તક**
**પ્રકરણ : વચન, પૃષ્ઠ**

૮:૧૧-૧૨, 46, 54
૧૧:૨૩-૨૪, 62
૧૨, 26
૧૨:૩૬, 26
૧૨:૪૧, 33, 52
૧૨:૪૧-૪૨, 70
૧૩:૪૧-૪૨, 34, 46, 70
૧૩ : ૪૯-૫૦, 34, 54
૧૩:૫૦, 34, 70
૧૯:૨૮, 53
૨૦:૧૮, 38
૨૨:૧૩, 70
૨૨:૩૦, 64
૨૨:૩૬, 12
૨૨:૩૭-૪૦, 12
૨૪:૨૨, 45
૨૪:૨૭-૩૧, 61
૨૪:૨૮, 61, 62
૨૪:૩૭-૩૯, 76
૨૪:૫૧, 70
૨૫:૩૦, 34, 70
૨૫:૩૪, 35, 66
૨૬:૩૯, 37
૨૬:૬૩-૬૪, 60
૨૭:૧૯, 38
૨૭:૨૪, 38
૨૭:૪૬, 37
૨૭:૫૧-૫૩, 41
૨૭:૬૨-૬૬, 61
૨૮:૧૧-૧૫, 61

**માર્ક**
૪:૩૯, 51
૪:૪૧, 51
૫:૧૩, 27
૯:૪૩-૪૪, 29
૧૧:૧૪, 39
૧૫:૨૮, 40

**લૂક**
૨:૪૮, 30, 31, 32
૩:૬, 36
૧૦:૨૯-૩૭, 13
૧૨:૪૫-૪૮, 74
૧૨:૪૭, 77
૧૩:૨૪, 78

**પુસ્તક**
**પ્રકરણ : વચન, પૃષ્ઠ**

૧૩:૨૬-૭૦, 55
૧૩:૨૮, 33, 46, 70
૧૫:૩૧, 32
૧૬, 32, 40
૧૬:૨૨, 31
૧૬:૨૩, 31
૧૬:૨૪, 30, 31, 34
૧૬:૨૫, 31
૧૭:૩૬-૩૭, 62
૧૯:૪૧-૪૪, 14, 72
૨૧:૨૨, 18
૨૨:૩૦, 70
૨૩:૪, 38, 41
૨૩:૨૨, 41
૨૩:૪૨, 73
૨૩:૪૩, 42
૨૩:૪૬, 41

**યોહાન**
૧:૧૪, 10, 23
૧:૧૮, 36
૧:૫૧, 60
૩:૧૬, 67
૫:૨૮-૨૯, 50
૫:૨૯, 51
૧૧:૩૩-૩૫, 72
૧૧:૫૦-૫૧, 38
૧૪:૨૧, 12
૧૯:૭, 38
૧૯:૪, 38
૧૯:૬, 38

**પ્રેરિતોનાં કૃત્યો**
૧:૬, 3, 17
૧:૬-૮, v
૧:૭, 17
૧:૭-૮, 3
૧:૮, 17
૧:૧૧, 59
૨૦:૩૮, 30, 31, 32
૨૪:૧૫, 49, 51

**રોમનોને પત્ર**
૧:૪, 35, 41, 67
૨:૧૧, 77
૫:૧૨, 44

**પુસ્તક**
**પ્રકરણ : વચન, પૃષ્ઠ**

૬:૧૩એ, 9
૬:૨૩, 27, 40
૮:૧૭, 32
૮:૩૮, 63
૧૦:૧૭, 78
૧૪:૧૦-૧૧, 7, 22
૧૪:૧૨, 26

**કરિંથીઓને પહેલો પત્ર**
૬:૨-૩, 52
૧૫, 41
૧૫:૨૨, 25, 44, 66
૧૫:૨૬, 26, 28, 31
૧૫:૪૪, 50
૧૫:૫૧-૫૨, 44

**કરિંથીઓને બીજો પત્ર**
૫:૧૦, 7, 22
૫:૨૧, 44

**ગલાતીઓને પત્ર**
૨:૨૦, 40
૩:૧૩, 39

**એફેસીઓને પત્ર**
૧:૧૯-૨૩, 64
૧:૨૧, 63, 64
૨:૫, 44
૨:૬, 60
૩:૧૦, 63, 65
૩:૧૦-૧૧, 43
૬:૧૨, 64

**કલોસ્સીઓને પત્ર**
૧:૧૬, 63
૧:૧૭, 35
૧:૧૮, 35
૨:૧૦, 63
૨:૧૩, 44
૨:૧૫, 64

**થેસ્સલોનિકીઓને પહેલો પત્ર**
૪:૧૩-૧૭, 44
૫:૧-૪, 19
૫:૨, 7
૫:૨-૬, 18

પુસ્તક
પ્રકરણ : વચન, પૃષ્ઠ

**થેસ્સલોનિકીઓને બીજો પત્ર**
૧:૧૦, 43
૨:૧૧, 45

**તિમોથીને પહેલો પત્ર**
૩:૧૫, 4

**તિમોથીને બીજો પત્ર**
૧:૯, 36, 66-67
૧:૧૦, 36, 66
૧:૯-૧૦,

**તિતસને પત્ર**
૩:૧, 64

**હિબ્રૂઓને પત્ર**
૧:૨, 35, 67
૧:૫, 36
૪:૩, 35, 67
૪:૧૨, 65, 66
૪:૧૨-૧૩, 10
૭:૯-૧૦, 66
૧૦:૪-૭, 37
૧૧:૭, 53
૧૨:૧૬-૧૭, 33
૧૨:૨૯, 29, 31, 34
૧૩:૮, 77

**યાકૂબનો પત્ર**

૨:૧૦, 8

**પિતરનો પહેલો પત્ર**
૧:૨૦, 36, 66
૨:૧૨, 53
૨:૨૨, 44
૪:૧૭, 18, 45

**પિતરનો બીજો પત્ર**
૨:૮, 30
૩:૧૦, 7, 8, 16, 28, 46

**યોહાનનો પહેલો પત્ર**
૩:૯, 44

પુસ્તક
પ્રકરણ : વચન, પૃષ્ઠ

**યહૂદાનો પત્ર**
૬, 66
૧૩, 26

**પ્રકટીકરણ**
૧:૭, 60
૧:૧૮, 69
૨:૨૬, 52
૩:૯, 52
૩:૧૦, 6, 19
૭:૪-૮, 53
૭:૯-૧૪, 77
૯:૧-૨૧, 46
૯:૫, 30
૯:૧૪, 68
૯:૧૫, 69
૯:૧૬, 69
૯:૧૭-૧૮, 70
૧૧:૧૦, 30
૧૩:૭, 45
૧૩:૮, 23, 28, 35
૧૪:૧૦, 30
૧૬:૧૦-૧૧, 55
૧૬:૧૮, 74
૧૭:૧૪, 55
૧૮:૬, 28
૧૮:૮, 28
૧૯:૧૧-૧૬, 69
૧૯:૧૯-૨૧, 55
૧૯:૨૦, 27
૨૦:૧૦, 27
૨૦:૧૧-૧૩, 25
૨૦:૧૨, 22, 25
૨૦:૧૩, 25, 26
૨૦:૧૪, 28, 46
૨૦:૧૪-૧૫, 27
૨૦:૩૮, 31
૨૧:૧, 26, 28
૨૧:૮, 27